જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૭/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૯૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬૮ કેસ કરી, ૧૫૯ વ્યક્તિઓને ઝડપી, ૧૨૬૩ લીટર દેશી દારૂ, ૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૯૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧૫ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૮૭,૩૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૯૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

લુંટઃ– **સમાચાર યાદી નં.૯૯૯/૨૦૨૫**

સોલા હાઈકોર્ટઃ સરખેજ પીપળાવાળી પોળ ખાડાકુવા ખાતે રહેતા વિશાલ સ/ઓ હરદેવભાઈ પ્રજાપતિ (ઉ.વ ૨૨) (મુળ વતન. મુરાદાબાદ તા.નિઝામાબાદ જીલ્લો.આજમગઢ ઉત્તરપ્રદેશ) નાઓ તા.૧૮/૦૭/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ભાડજ થી બોપલ તરફ જતા કેનાલ રોડની બાજુમાં મિત્ર સાથે ઉભા હતા ત્યારે એક નંબર પ્લેટ વગરની રીક્ષામા આવેલ ચાર પુરૂષોએ વિશાલ પ્રજાપતિ નાઓને તેમજ તેમના મિત્રને છરી બતાવી બન્નેના મોબાઇલ ફોન નંગ–૨ તથા રોકડ રૂપિયા ૨૯૦૦/– કઢાવી લુંટ કરી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિશાલ પ્રજાપતિએ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.બી.મેસવાણીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૦૦૦/૨૦૨૫**

બાપુનગરઃ હંસાબેન કાલીદાસ પરમાર (ઉ.વ.૫૫) (રહે.શાસ્ત્રીનગર બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૭/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી પ્રવાહી પી લીધું હતું. સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ખેર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી